# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 06-07-2026 Day: Monday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## રાજ્યમાં વરસાદ:

**ગુજરાતમાં ગત ૨૪ કલાકમાં સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ નોંધાયો છે, જેમાં અમરેલીના રાજુલા તાલુકામાં સૌથી વધુ ૧૦ ઇંચ વરસાદ ખાબક્યો છે. સત્તાવાર યાદી મુજબ, ડાંગના સુબિર તાલુકામાં પાંચ ઇંચથી વધુ, સાબરકાંઠાના વિજયનગર અને ગીર સોમનાથના ઉના તાલુકામાં ચાર-ચાર ઇંચ તેમજ ભાવનગરના જેસર અને નવસારીના ચીખલી તાલુકામાં ત્રણ ઇંચથી વધુ વરસાદ થયો છે. રાજ્યના અન્ય ૩૨ તાલુકામાં એક ઇંચથી વધુ અને ૧૦૫ તાલુકામાં તેનાથી ઓછો વરસાદ નોંધાયો છે.**

**આ સાથે રાજ્યમાં અત્યાર સુધી મોસમનો કુલ સરેરાશ ૧૭ ટકા જેટલો વરસાદ થયો છે. જ્યારે રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર બંધમાં હાલ ૬૫ ટકા જેટલો જળસંગ્રહ થયો છે. પૂરના પાણીમાં ફસાયેલા ૬૦ નાગરિકોને બચાવાયા છે અને કટોકટીને પહોંચી વળવા NDRF તથા SDRFની કુલ 35 ટુકડીઓ સંવેદનશીલ જિલ્લાઓમાં તહેનાત કરવામાં આવી છે. છ બંધને હાઈઅલર્ટ પર રખાયા છે.**

**હવામાન વિભાગના ડાયરેક્ટર ડૉ. એ. કે. દાસના જણાવ્યા અનુસાર, આજથી બે દિવસ રાજ્યમાં વરસાદને લઈ એલર્ટ આપવામાં આવ્યું છે. સુરત, નવસારી, ડાંગ, વલસાડ, દમણ, દાદર નગર હવેલી, ભાવનગર અને અમરેલીમાં આજે રેડ એલર્ટ જાહેર કરાયું છે. જ્યારે ગીર સોમનાથ, દીવ, છોટાઉદેપુર, નર્મદા અને ભરૂચમાં ઓરેન્જ એલર્ટ અપાયું છે. આગામી પાંચ દિવસ માછીમારોને દરિયો ન ખેડવા સૂચના અપાઈ છે અને દરિયામાં LCS સિગ્નલ લગાવાયું છે. શીયર ઝોન, ઓફશોર ટ્રફ અને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે આ વરસાદી માહોલ સર્જાયો છે.**

બીજી તરફ, બંગાળની ખાડીમાં સર્જાયેલી સિસ્ટમના કારણે રાજ્યની સાથે કચ્છમાં પણ સાર્વત્રિક વરસાદની આશા જાગી છે ત્યારે પૂર્વ કચ્છમાં બપોર પછી વરસાદનું આગમન થયું હતું. સામખિયાળી તથા તેની આજુબાજુના વિસ્તારમાં અને છાડવારા ગામે વરસાદ પડતા માર્ગો પર પાણી વહી નિકળ્યા હતા. હાલ કચ્છના આકાશમાં વાદળોનો જમાવડો જોવા મળી રહ્યો છે પરંતુ વરસાદના અભાવે બફારો અને ઉકળાટ યથાવત રહ્યો છે.

------------------------------------------------------------------------------------------

## જિલ્લા પંચાયત સામાન્ય સભા:

કચ્છ જિલ્લા પંચાયત કચેરી દ્વારા આજે જિલ્લા પંચાયત ભવનના સભાખંડમાં એક ખાસ સામાન્ય સભાનુ આયોજન કરવામાં આવ્યુ હતું. જિલ્લા પંચાયતના પ્રમુખ પ્રભાબેન હુણ, ઉપપ્રમુખ મહાવીરસિહ જાડેજા અને જિલ્લા વિકાસ અધિકારી ઉત્સવ ગૌતમના માર્ગદર્શન હેઠળ યોજાયેલી આ બેઠકમાં જિલ્લાના વહીવટી અને માળખાકીય વિકાસને વેગ આપતા અનેક મહાત્વના નિર્ણયો લેવામાં આવ્યા હા. સભાની શરૂઆતમાં ગત સામાન્ય સભાની કાર્યવાહી નોધને બહાલી આપવામાં આવી હતી તેમજ અગાઉ લેવાયેલા નિર્ણયો પર થયેલી કામગીરીનો અહેવાલ રજૂ કરવામાં આવ્યો હતો. બેઠકમાં જિલ્લા પંચાયતની વિવિધ સમિતિઓની રચના પણ કરવામાં આવી હતી.

------------------------------------------------------------------------------------------

## ટ્રેન વ્યવહાર ખોરવાયો:

મુંબઈ સેન્ટ્રલ મંડળમાં ભારે વરસાદને કારણે ટ્રેન વ્યવહાર ખોરવાયો છે. સફાલે, વસઈ રોડ અને નાલાસોપારા વચ્ચે પાટા પર પાણી ભરાઈ જતાં પશ્ચિમ રેલવે દ્વારા કચ્છની ટ્રેનો સહિત અનેક સેવાઓમાં ફેરફાર કરાયા છે.

તારીખ 5 જુલાઇના રોજ ભુજથી ઉપડેલી ૨૦૯૦૮ ભુજ–દાદર સુપરફાસ્ટ એક્સપ્રેસને સુરત સ્ટેશને જ શોર્ટ ટર્મિનેટ કરાઈ છે, જ્યારે વળતી ટ્રેન ૨૦૯૦૭ મુંબઈના બદલે સુરતથી જ

ભુજ માટે ઉપડશે. આ ટ્રેનને અંકલેશ્વર ખાતે રેગ્યુલેટ પણ કરાઈ છે. મુંબઈ - બાંદ્રા ટર્મિનસ થી કચ્છ એકસપ્રેસ ૨૨૯૫૫ રાત્રે ૯ વાગીને ૧૦ કલાકે ઉપડશે.

---------------------------------------------------------------------------------------------------

## ગાંધીધામ બસ પોર્ટનું નિર્માણ :

ગાંધીધામમાં ટાગોર રોડ પર દીનદયાલ પોર્ટ પ્રશાસનિક કચેરીની પાછળ અંદાજિત રૂ. ૧૧.૬૧ કરોડના ખર્ચે અદ્યતન એસ.ટી. બસપોર્ટનું નિર્માણ કાર્ય પૂરજોશમાં ચાલી રહ્યું છે. હાલ 30% કામ પૂર્ણ થયું છે અને ફેબ્રુઆરી ૨૦૨૭ સુધીમાં આ પ્રકલ્પ તૈયાર થઈ જશે.

આ આધુનિક બસપોર્ટમાં ગ્રાઉન્ડ ફ્લોર પર ૧૧ પ્લેટફોર્મ, વેઈટિંગ હોલ, કેન્ટીન, સ્તનપાન રૂમ અને ૧૨ સ્ટોલ બનશે. જ્યારે પ્રથમ માળે કર્મચારીઓ માટે રેસ્ટરૂમ, હોટલ મેનેજમેન્ટ રૂમ, કેફે અને ૮ બેડરૂમ સહિતની સુવિધાઓ ઉપલબ્ધ કરાશે.

---------------------------------------------------------------------------------------------------

## માંડવી તાલુકામાં ફિશરમેન અવેરનેસ કાર્યક્રમ:

માંડવી તાલુકાના બાડા ખાતે દરિયાઈ કિનારાની સુરક્ષા મજબૂત કરવા અને માછીમારોને સુરક્ષા વ્યવસ્થાના સહભાગી બનાવવા મરીન ટાસ્ક ફોર્સ દ્વારા વિશેષ 'ફિશરમેન અવેરનેસ' કાર્યક્રમ યોજાયો હતો. એ.ટી.એસ. અને કોસ્ટલ સિક્યુરિટીના ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં મરીન કમાન્ડો, સ્થાનિક સરપંચ અને મોટી સંખ્યામાં માછીમારો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમમાં માછીમારોને સમુદ્રમાં કોઈપણ અજાણી બોટ, શંકાસ્પદ વ્યક્તિ, કેફી પદાર્થો કે બિનવારસી વસ્તુઓ દેખાય તો તાત્કાલિક સુરક્ષા એજન્સીઓને જાણ કરવા વિસ્તૃત માર્ગદર્શન અપાયું હતું. માછીમારો ઇન્ટેલિજન્સ માહિતી પૂરી પાડી દરિયાઈ સુરક્ષાની પ્રથમ રક્ષણાત્મક હરોળ મજબૂત બનાવે તેવી અપીલ કરાઈ હતી.

---------------------------------------------------------------------------------------------------

# ગળપાદરમાં જગન્નાથ શોભાયાત્રા:

**ગાંધીધામના ગળપાદર સ્થિત વર્ધમાન નગરના જગન્નાથ મંદિર પ્રાંગણમાં આગામી તા. ૧૬ જુલાઈ ૨૦૨૬ના યોજાનારી જગન્નાથ શોભાયાત્રાની પૂર્વતૈયારી માટે હિન્દુ સનાતન સમાજની એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી.**

**---------------------------------------------------------------------------------------------------**